# મોડાસાની ગટર યોજનાનું કામ ખોરંભે

## વર્કઓર્ડર અપાયે સવા વર્ષ થયું : કામગીરી શૂન્ય : ગંદા પાણીના નિકાલ માટે પર કિ.મી. લાંબી ગટરની ૩૨ કરોડની યોજના ખોરંભે

મોડાસા, તા.૧૨

મોડાસા નગરમાં વરસાદી પાણીના નિકાલ માટે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા રૂ.૩૨ કરોડની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરાઈ છે. આ યોજનાનો વર્કઓર્ડર અપાયોના સવા વર્ષ જેટલો સમય થયો હોવા જતાં આજદિન સુધી ગટર લાઈનનું કામકાજ શરૂ નહીં થતાં લોકોમાં તર્કવિતર્ક ખડા થયા છે. જાણવા મળ્યા મુજબ, ગટરનું લેવલ ૨૦ ફૂટ ડે જળવાતું હોઈ આ યોજના ખોરંભે પડી છે.

મોડાસામાં ચોમાસામાં ભરાતાં વરસાદી પાણી તેમજ ગટરના પાણીના નિકાલ માટે મંજૂર કરાયેલી ૫૨ કિમી લાંબી અને રૂ.૩૨ કરોડની ગટર યોજના માટે જીયુડીસી દ્વારા ટેન્ડરીંગ સહિતની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં જય વારૂડી કન્સ્ટ્રકશન કંપનીનું ટેન્ડર મંજૂર થતાં ફેબ્રુઆરી ૨૦૧૪માં વર્કઓર્ડર અપાયા હતા અને યોજનાનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રીના હસ્તે કરવા ડિસેમ્બર૧૪માં તૈયારીઓ હાથ ધરાઈ હતી. પરંતુ લેવલીંગ અને સ્ટોનવેર જેવા ટેકનિકલ કારણોસર યોજના ખોરંભે પડી છે.

**આરસીસી પાઈપ, પંમ્પીંગ સ્ટેશન માટે રજૂઆત**

નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલના જણાવ્યા મુજબ, વધુ ઉંડાઈએ લેવલ જળવાતું હોઈ જરૂરી સ્થળોએ પમ્પિંગ સ્ટેશન અને ચીનાઈ માટીની પાઈપને બદલે આરસીસી પાઈપ મંજૂર કરવા જીયુડીસીમાં રજૂઆત કરાઈ છે.

**નવા એસ્ટીમેટ સાથે પ્રોજેક્ટ ૪૮ કરોડે પહોંચશે**

મોડાસા નગરમાં વધતો વિસ્તાર અને ગટર યોજનામાં જરૂરી પમ્પિંગ સ્ટેશન સાથે આરસીસી પાઈપ મંજૂર કરાશે તો આ આખો પ્રોજેક્ટ રૂ.૩૨ કરોડથી વધીને રૂ.૪૮ કરોડના અંદાજને આંબશે તેવો અંદાજ છે.

# મોડાસાના ૬૫ વર્ષના વૃદ્ધનો બિલ્ડર પુત્ર સામે કાનુની જંગ

## પિતાને કાઢી મૂકનાર પુત્રને મહિને ૭ હજાર ભરણપોષણ ચૂકવવા આદેશ : મોડાસા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટનો ચુકાદો

મોડાસા, તા.૧૨

પુત્ર મોટો થઈને વૃદ્ધાવસ્થાની લાકડી બનશે એવા કોડ સાથે પેટે પાટા બાંધી ભારે લાડથી ઉછેરનાર પિતાને ઘડપણમાં જ પુત્ર સામે ભરણપોષણ મેળવવા કોર્ટે ચડવું પડયું છે. મોડાસાની કોર્ટમાં ચાલી ગયેલા આ કેસમાં પૈસાદાર પુત્ર એકપણ મુદતે હાજર નહીં રહેતાં કોર્ટે એકતરફી નિર્ણય કરી પિતાને દર મહિને રૂ.૭ હજારનું ભરણપોષણ ચૂકવવા આદેશ કર્યો છે.

મોડાસાના માલપુર રોડ પર એક રેસીડેન્સીયલ કોમ્પ્લેક્ષમાં હાલ રહેતા ભાઈલાલભાઈ પટેલ (૬૫)ને સંતાનમાં એક દીકરો અને ત્રણ દીકરીઓ છે. જેઓ અગાઉ તેમના એકના એક દીકરા મયુરભાઈ પાસે મુંબઈમાં સુખચેનથી રહેતા હતા. રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા મયુરભાઈ પૈસાપાત્ર બનતાં તેઓ જાતજાતના શોખ કરવા લાગ્યા હતા અને અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધો પણ બંધાયા હતા. જેનો તેમના પિતા ભાઈલાલભાઈ અને તેમની પત્નીએ વિરોધ કરતાં મયુરભાઈએ પિતા અને પત્નીને ઘર બહાર તગેડી મૂકયા અને ઢળતી ઉંમરે ભાઈલાલભાઈના દુઃખના દિવસો શરૂ થયા.

મુંબઈથી ના છુટકે મોડાસા આવીને નોંધારું જીવન જીવતા આ વૃદ્ધે કચવાતા મને પુત્રની શાન ઠેકાણે લાવવાનો નિર્ણય કર્યો હતો. તેમણે મોડાસાના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને નાયબ કલેકટર આનંદકુમાર આચાર્યની કોર્ટમાં જીવન નિર્વાહ માટે ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ૨૦૦૭ની કલમ૫ હેઠળ વિવાદ અરજી દાખલ કરી વર્ષ દહાડે કરોડો કમાતા પુત્ર મયુરભાઈ પટેલ પાસે ખાધાખોરાકી, કપડાં, દવા, લાઈટ બિલ સહિતના ખર્ચા પેટે રૂ.૫૦ હજાર મેળવવા દાદ માગી હતી.

મોડાસાની નાયબ કલેકટર કચેરીમાં એપ્રિલ૨૦૧૪માં દાખલ કરાયેલા આ ભરણપોષણ કેસમાં મયુર ભાઈલાલભાઈ પટેલ (રહે. નવી મુંબઈ, હાલ પુના) એકપણ મુદતે હાજર ન રહેતાં કોર્ટે કાયદાની કલમ ૯(૨) હેઠળ ભાઈલાલભાઈ રામજીભાઈ પટેલની ભરણ પોષણની અરજી ગ્રાહ્ય રાખી અધિનિયમ કલમ (૪) હેઠળ એકતરફી કાર્યવાહી હાથ ધરી મયુરભાઈ પટેલને દર માસે રૂ.૭ હજાર તેમના પિતા ભાઈલાલભાઈને ચૂકવવાનો આદેશ કર્યો હતો.

# પ્રાંતિજ હજામ ચોરા વિસ્તારમાં ૧૫ દિવસથી વિજ પુરવઠો ખોરવાતાં પ્રજા તથા વેપારીઓ ગરમીથી ત્રસ્ત

પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાના હજામચોરા બજાર વિસ્તારમાં બપોરના સમયે વિજ પુરવઠો ખોરવાઈ જતાં વેપારીઓ અને ગ્રાહકોને છેલ્લા પંદર દિવસથી ભારે હાલાકીનો સામનો કરવો પડે છે તો જવાબદાર વિજતંત્રના હાકેમો 'થઈ જશે'ની પીપુડી વગાડયા કરતાં હોવાની રાવ ઉઠવા પામી છે.

પ્રાંતિજના હજામચોરા વિસ્તારમાં જુદા જુદા સામાન વેચનારા વેપારીઓની દુકાનો આવેલ છે લગ્નસરાની સિઝન હોવાથી ગ્રામીણ જનતા કાપડ, કરીયાણુ, મરી મસાલા વગેરની ખરીદી કરવા આવે છે ત્યારે પંદર દિવસથી બપોરના સમયમાં વિજ પુરવઠો ખોરવાઈ જતાં વેપારી વર્ગ તથા પ્રજાને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ગરમીમાં ગ્રાહકોને ચકકર આવવાના પણ બનાવો બને છે વેપારી વર્ગે આ અંગે તંત્રને જાણ કરવા છતાંય કંઈ જ પરિણામ આવ્યું નથી તો ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા તંત્રને રજુઆત કરી હોવા છતાંય આ લખાય છે ત્યાં સુધી બપોરની વિજ સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી ત્યારે પ્રશ્ન એ છે કે વિજ તંત્ર કયારે સુધરશે? અને લોક સેવાઓને વાચા આપશે...અપાવશે.

# વિસનગર તાલુકાના કાંસા ગામે સાર્વજનિક પુસ્તકાલયનો શતાબ્દી મહોત્સવ યોજાયો

મહેસાણા, તા. ૧૨

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કાંસા ગામે શ્રીમતી જીવીબેન




કરશનલાલ દ્વારકાદાસ પટેલ સાર્વજનિક પુસ્તકાલયનો શતાબ્દી મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આજથી ૧૦૦ વર્ષ પહેલાં વાંચનાલય બનાવી સમાજ માટે પ્રેરણારૂપ કામ કરેલ છે.

વાંચનાલય શતાબ્દી મહોત્સવમાં ઉપસ્થિત રાજયના શિક્ષણ અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ ધારાસભ્ય ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પુસ્તકાલયના નિર્માણ થકી આજે પણ વાંચકોમાં જીવીબેન મૂર્તિમંત થાય છે. જીવીબેન જેવી મહિલાએ સો વર્ષ પહેલાં પુસ્તકાલયનું નિર્માણ કરી ભાવી પેઢીને રાહ ચીંધવાનું કામ કર્યુ છે. કાંસા ગામની અને નાગરીકોની પ્રગતિમાં પુસ્તકાલયનો અમુલ્ય ફાળો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લો શિક્ષણ, સામાજિક, રાજકીય, આર્થિક સહિત તમામ ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યો છે. મહેસાણા જિલ્લો હંમેશા વિકાસશીલ શિક્ષણનો પર્યાય બન્યો છે. ગામમાં પુસ્તકાલય એ ઘરેલું છે. વ્યક્તિના ઘડતરમાં સારા પુસ્તકોનો ફાળો રહેલો છે. રાષ્ટ્રના વિકાસ માટે સારા નાગરીકની જરૂરીયાત છે આ જરૂરીયાત પુસ્તકો થકી પુરી થાય છે.

કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી ઋષિકેશભાઈ પટેલ, રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રી, છનાલાલ જોષી, ડૉ. મફતલાલ પટેલ, જશુભાઈ પટેલ, વિસનગર તાલુકા પ્રમુખ, પ્રાન્ત અધિકારી સી.પી. પટેલ સહિત પુસ્તકાલયના પ્રમુખ, ટ્રસ્ટીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ, ગ્રામજનો અને વાંચકો ઉપસ્થિત રહ્યા હતા.

# શાળાઓને પ્રધાનમંત્રી વિમા સુરક્ષાની ઘોષણા કરવા હુકમ

અમદાવાદ, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગત શનિવારે સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી વિમા સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે ત્યારે આ યોજનાનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકે તે માટે રાજયના વિવિધ જિલ્લા શિક્ષણ અધીકારીઓ દ્વારા ઓનલાઈન પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં આ યોજનાનો લાભ વધુમાં વધુ લોકો લઈ શકે તે માટે પ્રયત્નો કરવા માટે શાળાઓ અને શિક્ષકોને આદેશ આપવામાં આવ્યા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગત શનિવારના રોજ પ્રધાનમંત્રી વીમા સુરક્ષા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમા યોજના અને અટલ પેન્શન યોજના સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવી છે. જેમાંથી પ્રધાનમંત્રી વીમા સુરક્ષા વીમા યોજનામં ૧૮ થી ૭૦ વર્ષના ઉમંર ધરાવતા લોકો લાભ લઈ શકે છે. અને તેનું વાર્ષિક પ્રિમિયમ ૧૨ રૂપિયા મૂકવવાનું થાય છે. જે બદલામાં આકસ્મિક મૃત્યુ અને વિકલાંગતાના કિસ્સામાં બે લાખ રૂપિયા સુધીની સહાય કરવામા આવે છે.

ત્યારે આ યોજનાનો લાભ રાજયના વધુમાં વધુ લોકો સુધી પહોચાડી શકાય તે માટે શિક્ષણ વિભાગ પણ સક્રીય થઈ ગયો છે. જેના પગલે અત્યારે શાળાઓમાં વેકેશન ચાલતુ હોવા છતાં વિવિધ જિલ્લા શિક્ષણધીકારીઓ દ્વારા ઓનલાઈન પરીપત્ર જાહેર કરીને દરેક પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોને આ યોજનાનો લાભ લેવા માટે જણાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત વાલીઓ અને વિદ્યાર્થીઓ સુધી આ યોજના અંગે માહિતી પહોચાડવા અને વધુ લોકો આ યોજનાનો લાભ લે તે માટે શાળાઓને આદેશ આપવામાં આવ્યો છે.

# પાલનપુરમાં સ્લમ એરિયાના બાળકોના અભ્યાસ અર્થે ટેલેન્ટ હન્ટ ચેરીટી શૉ યોજાશે

પાલનપુર, તા.૧૨

પાલનપુર શહેરના પછાત ગરીબ બાળકોના શૈક્ષણિક સહાય અર્થે દિપ જયોતિ યુવા વિકાસ ટ્રસ્ટ અને એન.ડી.એસ. ડાન્સ એકેડમી દ્વારા આગામી જૂન માસમાં ગુજરાત-રાજસ્થાનના ઉગતા કલાકારો માટે ટેલેન્ટ હન્ટ ચેરીટી શો યોજાશે.

પાલનપુર શહેરના પછાત-ગરીબ બાળકોના અભ્યાસમાં સહાય કરવા માટે આગામી જૂન માસમાં સીગીંગ અને ડાન્સીગનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ગુજરાત તેમજ રાજસ્થાનના ૩ વર્ષ સુધીના ઉગતા બાળ કલાકારો ભાગ લેશે. આ ચેરીટી શો માટે પાલનપુરમાં ઓડીશન ચાલી રહ્યા છે. જેમાં અત્યાર સુધી ૭૦ જેટલા બાળ કલાકારો પોતાની પ્રતિભા પ્રદર્શીત કરી ચુકયા છે. કાર્યક્રમના ગ્રાન્ડ ફીનાલેમાં ટેલવિઝન શો ડાન્સ ઈન્ડિયા ડાન્સના પ્રસિધ્ધ કોરિયોગ્રાફર દિપક રાજપૂત અને મૂળ પાલનપુરના વતની તેમજ બોલીવુડના જાણીતા સંગીતકાર ઈકબાલ દરબાર ખાસ ઉપસ્થિત રહેશે.

## ચાર વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

વિજયનગર પોલીસ મથકમાં ૭૦/૨૦૧૧ માં અપહરણ ના ગુનામાં છેલ્લા ચાર વર્ષ થી નાસતો ફરતા આરોપીને સાબરકાંઠા એસઓજી શાખાના પીએસઆઈમહાવીરસિંહ સોલંકીએ બાતમી આધારે સ્ટાફ સાથે મંગળવારે વિજયનગર ના ભાખરા ખાતે ઈશ્વરભાઈ નવલભાઈ બોદર ને તેના ઘરે થી પકડી પાડ્યો હતો અને વિજયનગર પોલીસ ને સોપ્યો હતો.

## ગુજરાત રાજય સહકારી ટ્રીબ્યુનલમાં હવે વેકેશન

અમદાવાદ, તા.૧૨

ગુજરાત રાજય સહકારી ટ્રિબ્યુનલ, અમદાવાદની કચેરી આગામી તા. ૧૬ મે થી ૧૪ જૂન-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત ઉનાળું વેકેશન જાહેર કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન કોર્ટની રેગ્યુલર સુનાવણીની કાર્યવાહી બંધ રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે તાકીદની અરજીઓ, મનાઈ હુકમ વગેરેની અગત્યની કોર્ટની કાર્યવાહી ટ્રિબ્યુનલના કામકાજના દિવસોએ સવારે ૧૧:૩૦ થી બપોરના ૧૩:૩૦ સુધી હાથ ધરવામાં આવશે. તેમજ વેકેશન દરમિયાન ટ્રિબ્યુનલ, અમદાવાદની યાદીમાં જણાવાયું છે. ગુજરાત મેહેસુલ પંચ, અમદાવાદની કચેરી આગામી તા. ૧૬ મે થી ૧૪ જૂન-૨૦૧૫ સુધી બન્ને દિવસો સહિત ઉનાળું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. ઉનાળું વેકેશનના કારણે મંજૂર થયેલ વહેલી સુનાવણીના કેસો તથા પક્ષકારોની સંમતીવાળા કેસોની સુનાવણી સિવાયની કોઈ ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે નહીં.

# અરવલ્લીમાં બોરડીએ બોર અને લીમડે મ્હોર વધુ આવતાં ચોમાસામાં સારા વરસાદની શક્યતા

મોડાસા, તા. ૧૨

હવામાન શાસ્ત્રીઓ ચાલુ વર્ષે

વર્ષોથી ભૂમીપુત્રો વડવાઓના અનુભવો અને વાતાવરણના આધારે

કુદરતી લક્ષણોના આધારે ચોમાસુ ખુબ જ સારૂ જશે અને ખેતીના પાક માટે



દેશભરમાં ચોમાસુ નબળુ રહેશે અને વરસાદ પણ સામાન્ય થવાની સાથે ચોમાસાની સીઝન પણ મોડી જામવાની વાત નિષ્ણાતોએ કરી લીધી છે. ચોમાસુ નબળુ રહેવાના વિચાર માત્રથી દેશના ભૂમીપુત્રો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. ત્યારે ગામડાના વિધ્વાનો અને વૃદ્ધો વાતાવરણ અને વૃક્ષો-છોડની વૃદ્ધિ અને ફૂલો પરથી ત્યાગ મેળવતા લોકોની માન્યતા હવામાન વિભાગથી તદ્દન વિપરીત ચાલુ સાલે લીમડે મોર અને બોરડીએ બોર વધુ આવતાં ચોમાસુ સોળેકળાએ ખીલી ઉઠશે તેવી આશા જિલ્લાના પ્રજાજનોમાં જાગી છે.

ભારતદેશ કૃષિપ્રધાન રાષ્ટ્ર હોવાથી દેશના મોટાભાગના પ્રજાજનો ખેતી પર જીવન નિર્વાહ ચલાવતા હોવાથી ચોમાસુ કેવુ જશે એની સૌથી વધુ ચિંતા ભૂમિપુત્રોને હોય છે. ત્યારે હવામાન શાસ્ત્રીઓએ આધુનિક અને સેટેલાઈટના આધારે ગત વર્ષ કરતાં આ વર્ષે ચોમાસુ નબળુ રહેવાની સાથે દેશમાં પીવાના પાણીની પણ તંગી સર્જાય તેવુ અનુમાન લગાવી રહ્યા છે. જ્યારે વરસાદ કેટલો થશે અને કયા પ્રકારની ખેતીમાં ખેડૂતોને લાભ રહેશે તેવી ધારણા બાંધતા હોય છે. ત્યારે આ વર્ષે ગામડાઓમાં અને શહેરોમાં પણ લીમડાના વૃક્ષો પર પુષ્કળ પ્રમાણમાં મોર આવ્યો છે.

ચૈત્ર મહિનો પૂર્ણ થયા પછી પણ લીમડાના વૃક્ષો પર મોર પુષ્કળ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. તેમજ ખેતરોમાં બોરડીમાં અને જંગલમાં ડુંગરાઓમાં પણ બોરડીમાં અત્યારથી જ મોટી સંખ્યામાં બોર લાગવાના શરૂ થતાં જ અરવલ્લી જિલ્લાના ખેડૂતપુત્રો અને સામાન્ય જનતા પણ આ બન્ને પુરતા પ્રમાણમાં વરસાદ વરસવાની સાથે ઉનાળા પાક સુધી પાણીની માત્રા પર્યાપ્ત બની રહેશે તેવી ધારણા સાથે ભૂમીપુત્રો આનંદમાં છે. જયારે જયોતિષીઓના મતે હોળીના પવનના આધારે ચોમાસુ એકંદરે નિયમીત રહેવાની આગાહીઓ કરી છે. ત્યારે અરવલ્લી જિલ્લાના પ્રજાજનો ચાલુ વર્ષે ચોમાસુ ખરેખર કેવું રહેશે તેની રાહ અત્યારથી જ જોઈ રહ્યા છે. ત્યારે આ ચોમાસાની સિઝનમાં જયોતિષીઓ, વૃદ્ધો, વિધ્વાનો હવામાન શાસ્ત્રીઓ હોય તેવું લાગી રહ્યું છે.

## શબ્દાવલી - ૫૭૨૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | | ■ | |
| ૭ | ૮ | | ■ | ૯ | | | ■ |
| ૧૦ | | ■ | ૧૧ | | ■ | ■ | ૧૨ |
| ■ | ૧૩ | | | ■ | ૧૪ | ૧૫ | |
| ૧૬ | ■ | ■ | ■ | ૧૭ | ■ | ૧૮ | |
| ૧૯ | ૨૦ | ૨૧ | | | | ■ | |
| ૨૨ | | | ■ | | ■ | ૨૩ | |

**આડી ચાવી**

૧. સમુદ્ર, સાગર (૩)
૩. થોડું ઘણું, કાપવું - ઘટાડવું તે (૪)
૬. રાડો પાડવી, બુમાબુમ(૪)
૭. પોપચું, આંખનું ઢાંકણ(૩)
૯. ગાળવું તે, ગળણું (૩)
૧૦. અને (૨)
૧૧. લંબાઇનું એક માપ (૨)
૧૩. રીસાઇ જાય તેવું (૩)
૧૪. છેતરવું (૩)
૧૮. પત્તા, ગંજીફાના પાના(૨)
૧૯. થીગડાવાળુ (૬)
૨૨. ગોઠવણ, વ્યવસ્થા (૩)
૨૩. મોટી ઝૂડી કે ભારો (૨)

**ઊભી ચાવી**

૧. આકાશમાંથી ઉલ્કાઓ પડવી તે (૪)
૨. ધિરવું તે, પૈસા વ્યાજે આપવા (૩)
૩. જેલ (૪)
૫. રસ્તો (૨)
૮. સુવા માટે પથરાય તે (૩)
૧૧. કેશ, મોવાળા (૨)
૧૨. વિનાશ કરે તેવું (૫)
૧૫. વેલ, એક નામ (૨)
૧૬. સ્વસ્તિક (૩)
૧૭. ગાંડો માણસ, મેન્ટલ (૩)
૨૦. હાથી (૨)
૨૧. 'નાડ' શબ્દ ઊંધો (૨)

**શબ્દાવલી ૫૭૨૭ના જવાબ**

**આડી ચાવી :-** (૧) ઘડિયાળ (૪) કારેલા (૭) ડઝન (૮) ખીસકોલી (૯) પલ (૧૦) ચાંચ (૧૧) કયા (૧૨) બાપડી (૧૩) એવા (૧૬) હોપલેસ (૧૭) દાઝ (૧૯) ટકી (૨૦) નવાઇ (૨૨) લસરપટ્ટી (૨૩) રાજી

**ઊભી ચાવી :-** (૧) ઘડપણ (૨) ડીઝલ (૩) યાન (૪) કાસ (૫) રેકોકએ (૬) લાલીયાવાડી (૮) ખીંચડી (૧૦) ચાંપલાસપટ્ટી (૧૪) તપકીર (૧૫) પ્રદાન (૧૬) હોટલ (૧૮) ઝવારા (૨૧) ઇઝી

## પુનઃ ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારે ખુવારી નેપાળમાં થઈ છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે અસરગ્રસ્ત વિસ્તારોમાં હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક અંદાજ મુજબ મોતનો આંકડો નેપાળમાં ૫૦ ઉપર પહોંચી ગયો છે જ્યારે ઘાયલોની સંખ્યા ૧૩૦૦થી પણ વધારે આંકવામાં આવી છે. નેપાળમાં ફરી એકવાર લોકોમાં ફફડાટની સ્થિતિ ફેલાઈ ગઈ છે. સમગ્ર નેપાળને હચમચાવી મુકનાર ભૂકંપનું કેન્દ્ર માઉન્ટ એવરેસ્ટની નજીક હતું અને ભૂકંપનું કેન્દ્ર કાઠમંડુના ઉત્તર પૂર્વ નામચે બજારથી ૬૮ કિલોમીટરના અંતરે હોવાનું જાણવા મળ્યું છે. નેપાળમાં ૧૨.૩૫થી લઈને બે વાગ્યાના વચ્ચેના ગાળામાં જ એક પછી એક સાત આંચકા આવ્યા હતા. માઉન્ટ એવરેસ્ટ સર કરવા ઈચ્છુક લોકો માટે નામચે બજારને સ્ટાર્ટિંગ પોઈન્ટ તરીકે ગણવામાં આવે છે. નામચે બજાર અને માઉન્ટ એવરેસ્ટ વચ્ચે અંતર ૨૦ કિલોમીટરનું છે. માઉન્ટ એવરેસ્ટ વિશ્વની સૌથી ઉંચી શિખર તરીકે છે અને તેની ઉંચાઈ ૮૮૪૮ મીટર છે. પાટનગર કાઠમંડુમાં પણ લોકોમાં દહેશત દેખાઈ હતી. કાઠમંડુ વિમાની મથકે શરૂઆતમાં લોકોને ખસેડવામાં આવ્યા હતા પરંતુ મોડેથી સામાન્યરીતે કામગીરી શરૂ થઈ હતી. ટેલિફોન લાઈન ફરી ઠપ થઈ ગઈ હતી. નેપાળ કેબિનેટની તાત્કાલિક બેઠક યોજાઈ હતી. અમેરિકાની ભૂકંપ સંબંધિત સંસ્થાએ કહ્યું હતું કે, રિક્ટર સ્કેલ ઉપર તીવ્રતા ૭.૩ હતી અને તેનો સમય ૧૨.૩૫ વાગ્યાનો હતો અને કેન્દ્ર કાઠમંડુથી ૮૩ કિલોમીટર પૂર્વે હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૫મી એપ્રિલના દિવસે નેપાળમાં વિનાશકારી ભૂકંપ આવ્યો હતો જેમાં ૮૦૦૦થી પણ વધુ લોકોના મોત થઈ ચુક્યા છે અને હજારો લોકો બે ઘર થયા છે. તેમના પુનઃવસવાટની કામગીરી હજુ ચાલી રહી છે. નેપાળ વિનાશકારી ભૂકંપના આંચકામાંથી અને તેની અસરમાંથી બહાર નિકળે તે પહેલા આજે ફરીવાર ભૂકંપ આવ્યો હતો. ૨૫મી એપ્રિલે સમગ્ર નેપાળને હચમચાવી મુકનાર ૭.૮ની તીવ્રતા સાથેના ભૂંકપમાં મોતનો આંકડો ૮૦૦૦થી ઉપર પહોંચી ચુક્યો છે. અગાઉ આવેલા વિનાશક ભૂકંપ બાદ આંચકાનો દોર જારી રહ્યો છે. ત્યારે આજે ફરી એકવાર પ્રચંડ ભૂકંપ આવ્યો હતો જેથી લોકોને હાલ પુરતી કોઈ રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. નેપાળમાં ૨૫મીએ વિનાશકારી ભૂંકપ બાદ કલાકોના ગાળામાં જ નેપાળના મોટા ભાગના ઐતિહાસિક સ્થળો કાટમાળમાં ફેરવાઈ ગયા હતા.જેમાં પાટનગર કાઠમાન્ડુમાં સ્તિત ધરહરા મીનાર અને લોકપ્રિય દરબાર સ્કેવેયર સહિતના સ્થળનો સમાવેશ થાય છે. નેપાળમાં બારપક લારપક વિસ્તારમાં આશરે એક હજાર મકાનમાંથી ૯૦ ટકા મકાન કાટમાળમાં ફેરવાઈ ગયા હતા.

ભૂંકપના કારણે મોટી ઈમારતો અને ધાર્મિક સ્થળો ધરાશાયી થઈ ગયા હતા. સાથે માર્ગોમાં પણ મોટી તિરાડો પડી ગઈ હતી . નેપાળમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. અત્રે નોંધનીય છે કે, ૨૫મી એપ્રિલ શનિવારના દિવસે સવારે ૧૧.૪૧ વાગે અને ૧૨-૧૯ વાગે એમ બે વખત આંચકા પ્રચંડ તીવ્રતા સાથે સૌથી પહેલા નોંધાયા હતા. જેના કારણે નેપાળમાં ભારે તબાહી થઈ હતી. મિનિટોના ગાળામાં જ હજારો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. નેપાળમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ફરી એકવાર હાથ ધરવામાં આવી છે. હાલમાં જ નેપાળમાં બચાવ કામગીરીને બંધ કરીને પુનઃ વસવાટની કામગીરી હાથ ધરાઈ હતી પરંતુ નવેસરથી આંચકામાં પણ ઘણી ઈમારતો ધરાશાયી થઈ છે જેથી મોતનો આંકડો વધી શકે છે. આવી સ્થિતિમાં કાટામાળ હેઠળ ફરીવાર શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## પ્રતિક્ષાયાદી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાન બન્યો છે. શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી વિવિધ સંસ્થાઓ તેમજ બોર્ડ નિગમને ફાળવવામાં આવેલા મકાનો પણ ખાલી કરાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આગામી જૂન મહીના સુધીમાં આ મકાનો ખાલી કરી દેવા વિભાગકક્ષાએથી આદેશ કરી દેવાયો છે. જયારે આ મકાનો ખાલી કરવામાં આવી રહયા છે.અત્યારસુધીમાં અંદાજીત ૧ હજાર જેટલા મકાનો ખાલી પણ કરી દેવાયા છે. બીજીતરફ વિભાગકક્ષાએ મકાનની માંગણી સંદર્ભે પ્રતિક્ષાયાદી મોટી થતી જાય છે.હાલની સ્થિતિએ અંદાજિત આવાસો મેળવવા માટે ૧૧૦૦ કર્મચારીઓ પ્રતિક્ષાયાદીમાં છે.જોકે આ અરજદારોને મકાનો ફાળવવાની પ્રક્રીયામાં વિલંબ થાય તેમ છે.

**ટુંકી મુદતની નિવિદા**

કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગર સરકારી કામકાજના ફોટો કોપીંગ, સ્પાઈરલ બાઈન્ડીંગના કામ માટે કચેરીમાં ઝેરોક્ષ મશીન મુકવા સાથે સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

તે માટે રસ ધરાવતી સ્થાનિક એજન્સીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૧૬/૫/૨૦૧૫ના રોજ ૧૪.૦૦ કલાક સુધીમાં કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં. ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર વહીવટી શાખામાંથી રૂ. ૧૦૦/- ભરી રજા સિવાયના દિવસોમાં કચેરીના સમય દરમિયાન તે અંગેનું ટેન્ડર ડોક્યુમેન્ટ મેળવી શકાશે. નિયત નમુનામાં સીલબંધ કવરમાં ટેન્ડર તા. ૨૦/૫/૨૦૧૫ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે રજીસ્ટ્ર પોસ્ટ એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે.

ટેન્ડરની વિગતો વેબસાઈટ wwww.ruraldev.gujarat.gov.in ઉપર જોઈ શકાશે.

સહી/-
નાયબ કમિશનર
ગ્રામવિકાસ - ગુજરાત રાજ્ય
ગાંધીનગર

માહિતી/૩૦૫/૨૦૧૫-૧૬